પ્રાંતિજ વિવેકાનંદ શોપીંગ સેન્ટરમાં દબાણ દુર કરવા માટે આપેલ નોટીસને ૨૪ કલાક પૂર્ણ

નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશ પટેલ ૨૪ કલાકમાં દબાણ દુર કરવાની નોટીસ આપીને ભુલી ગયા : દુકાન માલિકોને ૨૪ કલાકની નોટીસ આપ્યાને આજે સાત દિવસ થયા

પ્રાંતિજ તા.૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ ખુદ નગરપાલિકાના

શોપીંગ સેન્ટર માં નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશ ભાઈ પટેલ દ્વારા દુકાનો આગળ કરવામાં આવેલ દબાણો ૨૪ કલાકમાં દબાણો દુર કરવાની કરવા માટે દુકાન માલિકો ને નોટીસ પાઠવવામાં આવી હતી પણ નોટીસ પાઠવ્યા ને આજે ૨૪ કલાક તો પુરા થયા અને સાત દિવસ થયાં છે ત્યારે હાલ તો નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ દબાણ દુર ની નોટીસ પડાવીને ભુલી ગયા હોય તેવુ જણાઈ આવે છે.

પ્રાંતિજ નગરપાલિકાના ખુદ ના શોપીંગ માં દુકાનો આગળ થયેલ ગેરકાયદેસર દબાણો નો ને લઈને પ્રાંતિજ નગરપાલિકાના માં અનેકવાર રજુઆતો કરવામાં આવી હતી તો પણ નગરપાલિકા દ્વારા આજદીન દબાણ દુર કરવામાં આવ્યું નથી તો નગરપાલિકા દ્વારા દબાણ દુર કરવા માટે પોલીસ પોટકસન સાથે જેસીબી મશીન મજુરો સાથે દબાણ દુર કરવામાટે ગયું હતું પણ જે તે સમયે દબાણ દુર કર્યા વગર ધોયા મોંઢે પરત ફર્યા હતાં તો પ્રાંતિજ નગરપાલિકા ને ફરી સીએમ ઓફિસ માંથી દબાણ હટાવવા માટે લેખિતમાં જાણ કરવામાં આવી છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકા દ્વારા હાલતો ખાલી બતાવા પુરતુ માત્ર સ્વામિવેવેકાનંદ શોપીંગ ના જેતે દુકાન માલિકો ને નોટીસ આપી હોય તેવું હાલતો સ્પસ્ટ જણાઈ આવે છે અને નોટીસ આપવાને ૨૪ કલાકમાં દબાણો દુર કરવાનું વેપારીઓ જણાવીને ખુદ નગરપાલિકા હાલ તો નોટીસ આપ્યા ને પણ છ થી સાત દિવસ વિતી ગયા છતાં નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશ ભાઈ પટેલ જાણે નોટીસ આપવા પુરતું કે આપી ને ભુલી ગયા હોય તેવું હાલ તો સ્પસ્ટ પણે જણાઈ આવે છે ત્યારે લોકો મા પાલિકા દ્વારા કાઈ રંધાયું હોય તેવી પણ ચર્ચાઓ એ જોર પકડયું છે.

ટીંટોઈ એસબીઆઈના ત્રણ કર્મીઓ કોરોનામાં સપડાયા

કોરોના કહેર વચ્ચે સ્ટેટ બેંકે ગ્રાહકોને કેવાયસી જમા કરાવવાના મેસેજથી ગ્રાહકોમાં આક્રોશ

મોડાસા, તા. ૧

ગુજરાતમાં કોરોનાના કેસો સતત વધી રહ્યા છે. રાજયમાં કોરોના સંક્રમિત દર્દીઓનો દૈનિક કેસો ૧૪૦૦ પાર થઈ ગયા છે. અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસે દિવસે સતત વધી રહ્યું છે ધીરે ધીરે બેંકના કર્મચારીઓ કોરોનામાં સપડાઈ રહ્યા છે ત્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ગ્રાહકોને બેંકે ગ્રાહકોને નવા ફોર્મની જરૂરિયાત સાથે ફરીથી કેવાયસી અપડેટ કરવા શાખા પ્રબંધકને જમા કરાવવાના મેસેજથી ગ્રાહકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. ભિલોડા, ધનસુરાની બેંકના કર્મચારીઓ કોરોનામાં સપડાયા બાદ મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે આવેલ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક સાથે ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમીત હોવાનું બહાર આવતા ટીંટોઈ સહીત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ફફડાટ ફેલાયો છે. ત્રણે કર્મચારીઓને હોમકોરન્ટાઇન કરી બ્રાન્ચને સેનેટાઇઝ કરવાની સાથે બેંકનું કામકાજ સ્થગીત કરવામાં આવ્યું છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ કોરોનાના રોકેટગતિએ વધતા સંક્રમણ વચ્ચે બેંકના ગ્રાહકોને કેવાયસી જમા કરાવવા અને ગ્રાહકનું નવું ફોર્મ ભરવાના મેસેજ કરતા હાલ બેંકોમાં ભારે ભીડ ઉમટી રહી છે. કેવાયસી ઉપડેટ કરવા આવતા ગ્રાહકો અને બેંક કર્મચારીઓ પર કોરોના સંક્રમણનો ભય પેદા થયો છે. સ્ટેટ બેંકના મેસેજથી ગ્રાહકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે મોડાસા સ્ટેટ બેંકના અધિકારીનો સંપર્ક કરતા તેમને જણાવ્યું હતું કે આ નિર્ણય ઉચ્ચકક્ષાએથી લેવામાં આવ્યો હોવાનું અને દરેક ગ્રાહક માટે ફોર્મ અને કેવાયસી ઉપડેટ કરાવવું ફરજીયાત હોવાનું જણાવ્યું હતું. કોરોના સંક્રમણ અંગે વાત કરતા અમે શું કરીએ ઉપરથી નિર્ણય લેવાયો હોવાનું જણાવ્યું હતું. બેંક કર્મચારીઓ બેંકિંગની કામગીરી દરમિયાન સતત કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે ત્યારે ઉચ્ચકક્ષાએથી ગ્રાહકો માટે કેવાયસી અને નવું ફોર્મ ભરાવવાની કામગીરી સુપર સ્પ્રેડર બની શકે છે.

ટીંટોઈ એસબીઆઈ શાખાના ત્રણ કર્મચારીઓ કોરોના સંક્રમિત થતા આરોગ્ય તંત્રએ ત્રણે કર્મચારીઓની સ્થિતી સામાન્ય હોવાથી હોમકોરન્ટાઈન કરી દીધા છે. બેંકનું કામકાજ ચાર દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે ત્યારે ટીંટોઈ એસબીઆઈ શાખામાં છેલ્લા સપ્તાહ દરમિયાન બેંકની કામગીરી માટે મુલાકાત લેનાર લોકો અને વૃધ્ધોમાં ભારે ફફડાટ ફેલાયો છે. આરોગ્યતંત્રએ બેંક સેનેટાઇઝ કરવાની સાથે બેંક વિસ્તારને કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવા તજવીજ હાથ ધરી હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થઈ હતી.

પ્રાંતિજમાં રખડતી ગાયોનો ત્રાસ વધ્યો

પ્રાંતિજ પાલિકા કુંભકર્ણ નિદ્રામાં : બજાર તથા રોડ વચ્ચે અડીંગો જમાવી બેસે છે, પાલિકાના આંખે પાટા

પ્રાંતિજ, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રખડતી ગાયોનો

ત્રાસ વધ્યો છે તો રખડતી ગાયોને લઈને રોજ બરોજના બનાવો બનવા છતાં પ્રાંતિજ પાલિકા કુંભકર્ણ નિંદ્રામાં હોય તેવું હાલ તો લાગી રહ્યુ છે.

પ્રાંતિજ ખાતે છેલ્લાં એક મહિનાથી ભાખરીયા બસ સ્ટેશન, શાકમાર્કેટ, ત્રણ રસ્તા, એપ્રોચરોડ, બજારચોક વિવિધ વિસ્તારોમાં સવાર સાંજ રોડની વચોવચ રખડતી ગાયો અડીંગો જમાવીને બેસે છે તો કેટલીકવાર તો એકબીજા સાથે બાખડતા વાહનો ઉપર જઈ પડે છે. વાહનચાલકોને મોટી નુકશાની વેઠવાનો વારો આવે છે. કેટલીકવાર તો રોડ પરથી પસાર થતાં અચાનક ગાય કુદી આવતા વાહનચાલકો જમીન માપતા પણ થાય છે અને વાહનચાલકોને શરીરે ઈજાઓ પહોચે છે. અવારનવાર પાલિકામાં રજુઆતો છતાં પ્રાંતિજ પાલિકાની ઉંઘ ઉડતી નથી જેથી હાલ તો જાણે પાલિકા કુંભકર્ણ નિદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. રોડ વચ્ચે ગાયો બેસી રહી હોવાથી ટ્રાફિકની પણ સમસ્યામાં વધારો થાય છે. નગરજનો દ્વારા અનેકવાર રજુઆતો કરવા છતા પ્રાંતિજ નગરપાલિકાને કાંઈજ ફરક પડયો નથી. બીજીબાજુ કોઈ જાનહાની થાય તેવી રાહ જોવાતી હોય તેવું હાલ તો લાગી રહ્યું છે.

નિદર્શન ભોજન પાઇલટ પ્રોજેક્ટનો આજથી

ખેડબ્રહ્મા તાલુકાના મીઠી બિલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાં શુભ આરંભ

ખેડબ્રહ્મા તાલુકાના મીઠીબિલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિસ્તારમાં કુલ ૨૦૩ સગર્ભા માટે નિદર્શન ભોજન યોજના અમલમાં લાવવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી સાબરકાંઠા ડો. રાજેન્દ્ર પટેલ આઈ.એ.એસ. અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સાબરકાંઠા ડો રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ ૧લી ઓકટોબરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધી કુલ ૯૦ દિવસ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મીઠી બિલી વિસ્તારમાં કુલ ૨૦૩ સગર્ભા માતાને દૈનિક બપોરના ભોજનની વ્યવસ્થા સરકાર તરફથી કરવામાં આવી છે. આ નિદર્શન ભોજન પાયલોટ પ્રોજેકટ દ્વારા ટ્રાયબલ વિસ્તારની સગર્ભા બહેનોના વજનમાં વધારો થાય એનિમિયાનું પ્રમાણ ઘટે અને ઓછા વજનવાળા આવતા બાળકો માં ઘટાડો થાય બાળમરણ અને માતા મરણ ઘટે તે હેતુસર આ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. નિદર્શન ભોજનની વ્યવસ્થા આંગણવાડી કેન્દ્રો ખાતે અમલમાં રહેશે જે તે વિસ્તારના સગર્ભા બહેનો બપોરે ૧૨.૧૫ કલાકે આંગણવાડી કેન્દ્ર ખાતે બપોરનું ભોજન લેશે. તમામ સગર્ભા બહેનોને આ સમયગાળા દરમિયાન મેડિકલ ચેકઅપની વ્યવસ્થા દર પંદર દિવસે કરવામાં આવશે સાથે સાથે તેમને વજન તેમના હિમોગ્લોબીનની તપાસ પેશાબની તપાસ અને જરૂર પડે સોનોગ્રાફી તપાસ પણ કરવામાં આવશે. દરમિયાન તમામ સગર્ભા બહેનોને રેફરલ સેવાઓ પણ પૂરી પાડવામાં આવશે. દરેક બહેનોની ડિલિવરી હોસ્પિટલ ખાતે જ થાય તેવી વ્યવસ્થા પણ કરવામાં આવનાર છે. કાર્યક્રમનો તાલુકા આરોગ્ય અધિકારી ખેડબ્રહ્મા ડોકટર આર.ડી. ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ અને આરોગ્ય સમિતિના ચેરમેન આનંદભાઈ લેબોલાની અધ્યક્ષ સ્થાને શુભ આરંભ કરવામાં આવેલ છે.

મલાસા બસસ્ટેન્ડ નજીક ખાડો તારવવા જતા

કાર પલ્ટી ગઈ, અંબાજી દર્શન કરી પરત ફરતા પરીવારનો આબાદ બચાવ

ભિલોડા વિસ્તારમાં ભારે વરસાદના કારણે ઠેર ઠેર રોડ ઉપર મોટા મોટા ગાબડાઓ પડેલ છે.

રોડ પર પડેલ ખાડાઓના કારણે વાહનચાલકો વારંવાર અકસ્માતનો ભોગ બની રહ્યા છે. ભિલોડાના નવી વસવાટમાં રહેતો એક પરિવાર કાર લઈ અંબાજી દર્શન કરી પરત ફરી રહ્યા હતા. મલાસા બસસ્ટેન્ડ નજીક ખાડો તારવવા જતા કાર ખાડામાં ખાબકતા કાર ચાલકે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પલ્ટી ખાઈ જતા જાણે કારે શિર્ષાસન કરેલ હોય તેમ ચારે વ્હીલ ઉપર આવી ગયેલ છે. કારમાં બેઠેલાઓનો ચમત્કારિક બચાવ થયેલ છે. કાર પલટી જતા ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હિંમતનગર ખસેડાયા હતા.

અરવલ્લી જીલ્લાના મુખ્ય અને અંતરિયાળ વિસ્તારોમાંથી પસાર થતા માર્ગો પર ઠેર ઠેર મોટા ખાડાઓ પડયા છે. જવાદારતંત્ર

ખાડા પુરવામાં આળસ ખંખેરે તેવી લોકમાંગ પ્રબળ બની છે. ભિલોડા નગરના નવી વસવાટમાં રહેતા ભરતભાઈ મુકેશભાઈ ભોઈ સહપરિવાર કાર લઈ અંબાજી દર્શન કરી પરત ભિલોડા ફરી રહ્યા હતા, મલાસા બસસ્ટેન્ડ નજીક રોડ પર પડેલ ખાડાઓના પગલે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર ત્રણ-ચાર પલ્ટી ખાઈ કાર રોડ બાજુમાં રહેલા ખેતરમાં ધડાકાભેર પટકાઈ હતી. અકસ્માતના પગલે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને કારની સ્થિતિ જોતા અને કારમાં સવારી કરી રહેલ પરિવારને ઈજાઓ થવાની સાથે આબાદ બચાવ થતા લોકોના મુખમાંથી રામ રાખે તેને કોણ ચાખેના શબ્દો સરી પડ્યા હતા. અકસ્માતના પગલે ઈજાગ્રસ્ત બનેલ લોકોને સારવાર અર્થે હિંમતનગર ખસેડાયા હતા.

ભૂતિયાવાસણાની લાંચમાં પકડાયેલ મહિલા તલાટીના જમીન નામંજૂર

તાજેતરમાં સરસ્વતી તાલુકાના ભુતિયાવાસણા ગામના મહિલા તલાટી એ. સી. બી. માં પકડાયા હતા. બાદમાં પાટણની મુખ્ય સેશન્સ કોર્ટે મહિલા તલાટીના રેગ્યુલર જામીન નામંજૂર કરતાં તેઓ હાલ સુજનીપુર સબજેલમાં બંધ છે. નોંધનિય છે કે, મહિલા તલાટીએ ગામના લાભાર્થીઓ પાસેથી પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત લાભ અપાવવા ૫૧,૦૦૦ રૂ. ની લાંચ માંગી હતી. જેમાં પાટણ એ. સી. બી. ના પી.આઈ. જે. પી. સોલંકીએ ટ્રેપ ગોઠવી રંગેહાથે લાંચ સ્વિકારતા ઝડપી પાડ્યા હતા. જે બાદમાં હાલ આ કેસની તપાસ પાલનપુર એ. સી.બી. પી.આઈ. કરી રહ્યા છે.

પાટણ જીલ્લાના સરસ્વતી તાલુકાના ભુતિયાવાસણા ગામના મહિલા તલાટી ગત દિવસોએ લાંચ લેતાં આબાદ ઝડપાયા હતા. મહિલા તલાટી દિપાલીબેન હરગોવિંદભાઈ પટેલે ભુતિયાવાસણામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાનો લાભ અપાવવા યેનકેન પ્રકારે એક લાભાર્થી દીઠ ૩૦૦૦ એમ ૧૭ લાભાર્થીના મળી કુલ ૫૧,૦૦૦ ની લાંચ માંગી હતી. જે બાદ પાટણ એ. સી .બી. ના પી. આઈ. જે. પી. સોલંકીએ સફળ ટ્રેપ કરી તેમને ઝડપી પાડ્યા હતા. જે બાદમાં મહિલા તલાટી સામે પાટણ એ. સી. બી. માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ દાખલ થયો હતો.

આ દરમ્યાન સમગ્ર કેસની તપાસ એન.એ.ચૌધરી, (પોલીસ ઈન્સપેક્ટર એ. સી. બી. પાલનપુર) એ હાથ ધરી તા. ૨૨/૯/૨૦ ના રોજ મહિલા તલાટીની અટકાયત કરી એક દિવસના રીમાન્ડ મેળવી કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ હતા. આ તરફ મહિલા તલાટી દિપાલીબેન દ્વારા રેગ્યુલર જામીન અરજી મુખ્ય સેશન્સ કોર્ટમાં દાખલ કરાઈ હતી. જે ગતરોજ ચાલી જતાં સરકારી વકીલની દલીલો તથા સોગંદનામાના મુખ્ય મુદ્દાઓ, ૧૭ લાભાર્થીઓના નાણાં લીધેલ જે મુખ્ય સાહેદોની સહી બાકી છે. આ સાથે આરોપીએ વધાસરના એક લાભાર્થી દીઠ ૫૦૦૦ લીધેલનું રેકોર્ડીંગ હોઈ કોર્ટે રેગ્યુલર જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો. મહિલા તલાટી દીપાલીબેન હાલ સુજનીપુર સબજેલમાં બંધ છે.

તલોદ હરસોલ ગામની સીમમાંથી વિકૃત હાલતમાં મૃતદેહ મળ્યો

તલોદ, તા. ૧

તલોદ તાલુકાના અમદાવાદ-મોડાસા રાજ્યના ધોરીમાર્ગ ઉપરના જિલ્લાના તલોદ તાલુકાના હરસોલ ગામના સીમાડામાંથી મંગળવારે મોડી સાંજે એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતા આ પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. અત્યંત વિકૃત અવસ્થામાં પડેલો મૃતદેહની બાતમી તલોદ પોલીસને મળતા આ ઘટના સ્થળે તાબડતોબ પોલીસ દોડી ગઈ હતી. આ અજાણી મૃતકના ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા હતા. આ ઘટના સ્થળે હરસોલના સરપંચ રણજીતસિંહ પણ હાજર રહ્યા હતા.

અંદાજીત આશરે ૪૫ વર્ષની વય મનાતી આ મહિલાનો મૃતદેહ અત્યંત વિકૃત એટલે કે બે થી ત્રણ દિવસ સુધી આ સિમાડામાં પડી હશે તેવુ મનાઈ રહ્યુ છે. એક પગ અને શરીરનો કેટલોક ભાગ પ્રાણીઓએ ફાડી ખાતા શરીરનો કેટલોક ભાગ અધુરો અને એક પગ જ હાજર બચ્યો હતો.

આ મહિલાનુ કરૂણ મોત કયા કારણોથી થયુ છે તે હજુ સુધી જાણી શકાયુ નથી. મૃતકનું નામ લત્તાબહેન રવજી પગી ગામ હરસોલનું હોવાનું જાણવા મળેલ છે જે મહિલા વિધવા હોવાનું અને તેનુ પિયર મેઘરજ હોવાનું મોડી સાંજે જાણવા મળેલ છે જેનો મૃતદેહ તલોદ સિવિલ હોસ્પિટલમાં પી.એમ. માટે ખસેડવામાં આવી હતી.

માલપુર પીએસઆઈ સોલંકીએ સોનારીયા નજીક

પરપ્રાંતીય ઈજાગ્રસ્ત યુવક મળતા સારવાર કરાવી પરિવાર સાથે મિલાપ

મોડાસા, તા. ૧

કોરોનાની વૈશ્વિક મહામારીમાં ખાખી વર્દીના

અનેકરૂપ જોવા મળ્યાં છે. લોકડાઉનમાં ખાખીની દરિયાદિલીના દર્શન થયા હતા, દેશમાં લોકડાઉનમાં ભુખ્યાને ભોજન, બીમારને દવાઓ સહીત જરૂરિયાતમંદ લોકોને પરિવારની હૂંફ આપી હોવાના અનેક કિસ્સાઓ જોવા મળ્યા હતા. માલપુર પોલીસે લોકડાઉનમાં જરૂરિયાતમંદ લોકોને કરિયાણાની કીટ વહેંચી અને ફૂટપાથ પર પડી રહેલા દિવ્યાંગ ભિક્ષુકને સ્વચ્છ કરવાની સરાહનીય કામગીરી કરી હતી. માલપુર પોલીસે વધુ એકવાર માનવતા મહેકાવી હતી માલપુરના સોનારીયા ગામના પીકઅપ સ્ટેન્ડમાં ઈજાગ્રસ્ત બનેલ કણસતા પરપ્રાંતીય યુવક પેટ્રોલીંગ દરમિયાન જોવા મળતા સારવાર કરાવી તેને હૈયાધારણા આપતા યુવકે મધ્યપ્રદેશનો હોવાનું જણાવતા તેના પરિવારનો સંપર્ક કરી યુવક સાથે મીલન કરાવતા ૪ મહિનાથી ગુમ થયેલ યુવકને જોઈ પરિવારજનોમાં ખુશીના આંસુ જોવા મળ્યા હતા.

માલપુર પોલીસ સ્ટેશનના

પીએસઆઈ એન.એમ. સોલંકી અને તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે સોનારીયા ગામના પીકઅપ સ્ટેન્ડમાં એક ઈજાગ્રસ્ત હાલતમાં દયનિય સ્થિતિમાં સારવારના અભાવે કણસતો યુવક જોવા મળતા તેની પાસે જઈ જોતા જમણા પગે ઈજા થયાનું જણાતાં તાબડતોડ ઈજાગ્રસ્ત યુવકને માલપુર સામુહિક કેન્દ્રમાં સારવાર કરાવતા અને યુવકને બે ટંક ભોજન કરાવી વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતા તેનું નામ માખનસિંહ અમરસિંહ પરમાર અને મધ્યપ્રદેશના રાઉખેડી ગામનો હોવાનું જણાવતા અરવલ્લી જીલ્લા કંટ્રોલના સહયોગથી યુવકના વિસ્તારના સીપ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધી યુવક અને તેના પરિવારજનો અંગે પૂછપરછ કરતા સીપ્રા પોલીસ સ્ટેશનમાં ચાર મહિના અગાઉ ગુમ થયો હોવાની ફરિયાદ નોંધાઈ હોવાનું જણાવ્યું હતું. માલપુર પોલીસે યુવકના પરિવારજનોનો સંપર્ક નંબર મેળવી સંપર્ક કરતા પરિવારજનો મધ્યપ્રદેશથી માલપુર પોલીસ સ્ટેશન દોડી આવ્યા હતા અને યુવકને જોતાની સાથે તેની માતાએ ગળે લગાડતા અને ખુશીની અશ્રુધારા વહાવતા પીએસઆઈ સોલંકી અને તેમનો સ્ટાફની પણ આંખો ભરાઈ ગઈ હતી. માલપુર પોલીસની માનવતાભર્યાં પગલાંને પગલે ચાર મહીનાથી પરિવારથી વિખૂટો પડેલ યુવકનું પુનઃ મિલન કરાવવામાં સફળતા મળી હતી.

પ્રાંતિજમાં વૃદ્ધ વેપારીને નજર અંદાજ કરીને ૭૦ હજારની સોનાની વીંટી લઈને ગઠીયો છુ

સામે ૭૦૦ રૂપિયા અને ખોટી વીંટી પધરાઇ ગયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ વિસ્તારોમાં આવેલ ખોડીયાર પાન પેલેસના વૃધ્ધ દુકાન માલિકને નજર અંદાજ કરીને એક ગઠીયો સોનાની વીંટી સરકી ગયો. સમગ્ર ઘટના ઉપર નજર કરીએ તો પ્રાંતિજ નાનીભાગોળ ખાતે આવેલ ખોડીયાર પાન પેલેસના માલિક ભીખાભાઈ મોહનભાઈ બારોટ કે જેવો પોતે વૃધ્ધ છે અને તેવો ગલ્લો ચલાવે છે ત્યારે આજે તા.૧-૧૦-૨૦૨૦ને ગુરૂવારના રોજ તેમના ગલ્લા ઉપર સવારે અંદાજે ૧૦ વાગ્યા સમયે એક હિન્દી ભાષી શખ્સ આવીને તેવો પાસે ચોકડી માંગીને વાતો કરવા લાગ્યો અને આગળ આવેલ મંદિરમાં દાન કરવાનું કહ્યુંને વેપારીને વાતોની માયા જાળમાં લઈને તેને પોતાના ખીસ્સામાંથી ૭૦૦ રૂપિયા કાઢીને વેપારીને આપીને મંદિરમાં દાન કરવાનું કર્યું અને તમારા ગલ્લામાં મુકી દો અને પછી તમે મંદિરની દાનપેટીમાં નાખી આવજો અને કહ્યું કે હું દાન કરતાં પહેલાં સોનાની ગમે તે વસ્તુને અડકીને દાન કરૂ છું

પણ અત્યારે મે સોનાની કોઈ વસ્તુ પહેરી નથી જેથી તમારી સોનાની વીંટી મને આપો અને હું તેને અડીને દાન કરૂ અને વૃધ્ધ વેપારીને વાતોમાં લઈને વીંટી લીધી અને તેની પાસે રહેલ કાગળમાં પેકીંગ કરી અને વૃધ્ધ વેપારીને પરત આપી અને કહ્યું પાંચ મીનીટ આ વીંટી અને ૭૦૦ રૂપિયા ગલ્લામાં મુકી પછી તમે વીટી ફરીથી પહેરી લેજો અને આ દાનના ૭૦૦ ગમે ત્યારે તમે મંદિરની દાન પેટીમાં મુકી આવજો. હું જાઉ છુ અને તરત જ ત્યાંથી ગઠીયો નિકળી જતાં વૃધ્ધ વેપારી દ્વારા વહેમ જતાં તરતજ ગલ્લામાથી પડીકું ખોલ્યું તો તે નકલી વીંટી નિકળી અને બુમાબુમ કરતાં પહેલાં બાઈક લઈને આવેલ ગઠીયો પોળ રાજગુરૂના નંગવાળી વીંટી અંદાજે ૭૦ હજાર ની વીંટી લઈને ત્યાથી બાઈક લઈને તાત્કાલિક ફરાર થઈ ગયો હતો ત્યારે ખોડીયાર પાન પેલેસના માલિક ભીખાભાઈ મોહનભાઈ બારોટ દ્વારા પોતાની આબરૂની ચિંતા કર્યા વગર અને આવી ઘટના અન્ય કોઈ સાથે ના બને તે માટે અને ગઠીયો ઝડપાઈ જાય તે માટે પોલીસને જાણ કરી હતી ત્યારે પ્રાંતિજ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી અજાણ્યા ગઠીયાની શોધખોળ હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા ખાતે આવેલ ગોમતીવાળ સમાજની અર્બુદા સેવા સમિતિની વાર્ષિક સાધારણ સભા ખેડબ્રહ્મા મુકામે અર્બુદા માતાજી મંદિર ખાતે સંસ્થાના પ્રમુખ વિશાલ સનતકુમાર જાનીની અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં વિશાલભાઈએ સંસ્થા દ્વારા છેલ્લા એક વર્ષમાં થયેલા અભુતપૂર્વ કાર્યો વિશે માહિતી આપી હતી. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીઓ ડૉ. નિરવભાઈ ત્રિવેદી અને ડૉ. વિપુલભાઈ જાની સહિત સંસ્થાના અન્ય હોદ્દેદારો અને સભાસદોએ હાજરી આપી હતી.

ફિક્કી ફલોના દીકરી દિવસના સ્પેશ્યિલ વેબિનારમાં સુભાષ ઘાઈ અને મેઘના ઘાઈ પુરી ઉપસ્થિત રહ્યા

ફિક્કી લેડિઝ ઓર્ગેનાઇઝેશન (એફએલઓ) - અમદાવાદ ચેપ્ટર અધ્યક્ષ શ્રીમતી તરૂણા પટેલે તેમની ગતિશીલ ટીમ સાથે ફિલ્મ ડાયરેક્ટર સુભાષ ઘાઇ અને દીકરી મેઘના ઘાય પુરી સાથે દીકરી દિવસ સ્પેશ્યલ-ટુગેધર ઈન બીઝનેસ પર વેબિનારનું આયોજન કર્યું હતું.

એક પુત્રી પરિવારને એક સાથે જોડે છે અને આમ તે કુળની મહત્વપૂર્ણ સભ્ય બને છે દીકરી દિવસ એ પુત્ર અને પુત્રીને એકસરખા ગણવા જોઈએ તેવું પ્રેરે છે. સુભાષ ઘાઇ અને તેમની પુત્રી, મેઘના ઘાઈ પુરીએ એક સુંદર બંધન વહેંચ્યું અને પિતા-પુત્રી જોડી કેવી રીતે સાથે મળીને વ્યવસાય કરી શકે છે તેની તેમની સફર સમજાવી.

સુભાષ ઘાઈ સાથેની વાતચીતમાં તેમણે કહ્યું કે માતા પછીની જીવનની સૌથી અગત્યની વ્યક્તિ તમારી પુત્રી છે જે કંઇ પણ થાય તે ભલે તમારી જિંદગી દરમ્યાન તમારી સાથે રહેશે. તે માતાપિતા બનવાનો આવશ્યક ભાગ છે, અને તે જોવાની એક સુંદર વસ્તુ છે. પરંતુ માતાપિતા તરીકેની તમારી ભૂમિકા ફક્ત તમારા બાળકને ઉછેરવાની નથી, પણ તેમને તમારા મિત્ર તરીકે માનવાની છે. આપણે હંમેશાં તેમના નિર્ણયો, વિચારો,તેમની જરૂરિયાતો સમજવા વગેરેનો એક ભાગ બનવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું હતું કે છોકરીઓ છોકરાઓ કરતા ગૌણ નથી તેથી આપણે તેમને સમાન તકો અને જવાબદારીઓ આપવી જોઈએ.

જ્યારે તેના પિતાએ વ્યવસાયમાં જોડાવાનું કહ્યું ત્યારે મેઘનાને પડતી મુશ્કેલીઓ વિશે પૂછવામાં આવતા, તેણે જણાવ્યું કે "મને એવું હતું કે હું આ નહિ કરી શકું પરંતુ તેમને એક વિશ્વાસ હતો કે હું આ કરી શકું છું અને આજે મને ગર્વ છે કે મારા પિતાના ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટ ખોલવાના સ્વપ્નને હું સાકાર કરી શકી અને યોગ્ય રીતે નિર્ણયો લેવા માટે તેમના માર્ગદર્શન હેઠળ હું ઘણું બધું શીખી છું."